# ‘કાકરાપાર-ગોરધા-વડ ઉદ્દવહન પાઈપલાઈન યોજના’નું લોકાર્પણ

**રૂ.૫૭૦ કરોડના ખર્ચે સાકાર થયેલી યોજનાથી માંડવી અને માંગરોળ તાલુકાના કુલ ૮૯ ગામોના ૪૯,૫૦૦ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે**







ગાંધીનગર, તા. ૧૦
મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ સુરતના આદિજાતિ તાલુકાઓના ખેડૂતોને બારમાસી સિંચાઈ સગવડ આપતી ૫૭૦ કરોડ રૂપિયાની મહત્વકાંક્ષી યોજનાના લોકાર્પણ અવસરે સ્પષ્ટ પણે કહ્યું કે, જે વિકાસકામોનુ ખાતમુહુર્ત ભાજપાની સરકાર કરે છે, તેના લોકાર્પણ પણ આ જ સરકાર દ્વારા કરીને સમયબદ્ધ આયોજન અને કાર્ય પધ્ધતિ ઊભી કરવામા આવી છે.

કોંગ્રેસના શાસનમા યોજનાઓ અણઘડ આયોજનથી બનતી. ખાતમુહૂર્ત થાય પછી વર્ષો સુધી કામ જ શરૂ ના થાય અને યોજનાનું બજેટ હોય તેના કરતા અનેક ગણું વધી જાય તેમ તેમણે ભૂતકાળની તુલના કરતા જણાવ્યું હતું. પ્રજાકલ્યાણના કામો કરવાની તક વર્તમાન સરકારને મળી છે તે બદલ ઈશ્વરનો પણ તેમને આભાર વ્યકત કર્યો હતો.

ધોધમાર વરસાદ પડતો હોવા છતાં સુચારુ આયોજનના અભાવે આ આદિજાતિ વિસ્તારમા પાણીની અછત લોકો ભોગવતા રહેલા તે માટે તેમણે કોંગ્રેસના શાસનને આડે હાથ લેતા કહ્યું કે ભૂતકાળના શાસન કરનારાઓએ આ રાજ્યનુ ખુબ નુકશાન કર્યું છે. વિકાસનો આધાર પાણી જ છે ત્યારે આસમાની ખેતી ઉપર નિર્ભર રહેતા ખેડૂતોના કલ્યાણ માટે ક્યારેય ચિંતા નહિ કરનાર ભૂતકાળની સરકારોએ ખેડૂતોનુ અહિત કરવામા કઈ જ બાકી નથી રાખ્યુ તેમ મુખ્યમંત્રી એ જણાવ્યુ હતુ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટી અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની દ્રઢ ઈચ્છાશક્તિને કારણે સૌના સાથ-સૌના વિકાસની નેમ સાથે કાર્ય કરી રહેલી રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારની કાયાપલટ કરવાના લીધેલા પગલાઓનો ખ્યાલ આપી મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળની સરકારમા માંડ ૫૦૦/૭૦૦ કરોડનુ વાર્ષિક બજેટ તૈયાર કરાતુ, જયારે આજે હજારો કરોડના બજેટ આયોજન સાથે એક જ દિવસમા ૫૭૦ કરોડ રૂપિયાની યોજના સાકાર થઈ રહી છે તેમ જણાવ્યુ હતુ.

આદિવાસી પ્રજાજનો, ખેડૂતો માટે રાતદિવસ ચિંતા કરીને કાર્ય કરી રહેલી રાજ્ય સરકારે નાણાકીય સ્ત્રોત ઉપલબ્ધ કરીને પારદર્શક રીતે પ્રજાકલ્યાણના કામોમા તેનો સદુપયોગ થાય તેવા પ્રયાસો હાથ ધર્યા છે. ત્યારે રાજયમાંથી વચેટિયા પ્રથાને ધરમૂળથી નાબુદ કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના “ખાતો નથી, અને ખાવા પણ દેતો નથી” તથા કોન્ગ્રેસના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.શ્રી રાજીવ ગાંધીનુ એ ઐતિહાસિક સ્ટેટમેન્ટ “દિલ્હીથી એક રૂપિયો મોકલાવામા આવે, અને પ્રજા સુધી માત્ર પંદર પૈસા જ પહોંચે” તે આ બંને સરકારની કાર્યપદ્ધતિનો ખ્યાલ આપે છે તેમ જણાવ્યુ હતુ.

ખેડૂત સુખી, તો ગામડુ સુખી અને ગામડુ સુખી તો રાજ્ય તથા દેશ સુખી એમ જણાવી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણીએ નેવના પાણી મોભે ચઢાવતા અશકય એવી આ યોજનાને દ્રઢ ઈચ્છાશક્તિ અને ઈજનેરી કૌશલ્યના ઉત્તમ પરિણામ સ્વરૂપ સાકાર કરવામા આવી છે તેમ જણાવ્યુ હતુ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન અનુસાર ઘરે ઘર સુધી શૌચાલય, ગેસ અને વીજ જોડાણ, બેંક એકાઉન્ટ સહીત સને ૨૦૨૨ સુધી દેશના ઘરે ઘર સુધી “નળ સે જળ” મળે તે માટેનુ અભિયાન આદરવામા આવ્યુ છે તેમ જણાવી વિજયભાઈ રુપાણીએ “કોરોના” સંક્રમણ વચ્ચે પણ આપણે અવિરતપણે વિકાસકામો આગળ વધારીને અંદાજીત રૂ.૨૫ હજાર કરોડના વિકાસકામોના ખાતમુહુર્ત અને લોકાર્પનો કરીને વિકાસની ગતિને તેજ કરી છે તેમ જણાવ્યુ હતુ.

## જન્મદિને વધામણી



મનીષાબેન ત્રિપાઠી



માનસી ઠક્કર



હેત એન દેવમુરારી

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક




# શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન કાઈટ મેકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦
સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૧ અને ૮ ના વિદ્યાર્થીઓ માટે ૮મી જાન્યુઆરીએ ઓનલાઈન કાઈટ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ ધોરણના કુલ ૧૬૧ વિદ્યાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ જુદા-જુદા રંગીન તથા અવનવા કાગળોમાંથી વિવિધ પતંગો બનાવી હતી. શાળાનાં આચાર્ય નીલાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રી-પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓએ ૬ઠ્ઠી જાન્યુઆરીએ કાઈટ મેકીંગ પ્રવૃત્તિ ઓનલાઈન ઉજવવામાં આવી તેમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓએ પતંગો પર વિવિધ સંદેશ દ્વારા ઉત્સાહ પ્રગટ કર્યો હતો.

# એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૪ની વિદ્યાર્થિનીઓએ ઓનલાઈન હેલ્પર્સ ચાર્ટ બનાવવાની પ્રવૃત્તિ કરી



ગાંધીનગર,તા. ૧૦
સર્વ વિદ્યાલય (કડી) ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં ધોરણ ૪ ની વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવા અને સતત નવું કરવાની જીજ્ઞાસા વધારવા આ પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું.માર્ગદર્શક શિક્ષિકા મકવાણા સીમાબેન પાસેથી આ અંગેની માહિતી મેળવી અને ખૂબ સરસ “હેલ્પર્સ (આપણા મદદગારો) નો ચાર્ટ બનાવી એના ફોટા મોકલેલ હતા.આ પ્રવૃતિમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યાશ્રી, નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા અને સુપરવાઈઝરશ્રી રાજેન્દ્રભાઈ એ માર્ગદર્શન પુરું પાડયું હતું.

# સમર્પણ પબ્લિક સ્કૂલમાં વિવિધ પ્રતિયોગિતાનું આયોજન : વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા



ગાંધીનગર, તા. ૧૦
સમર્પણ પબ્લિક સ્કૂલ સેકટર-૨૮,ગાંધીનગર ખાતે અલગ અલગ પ્રતિયોગિતાનું આયોજન કરાયું હતું જેમા ફેન્સી ડ્રેસ પ્રતિયોગિતા, વાર્તાની સ્પર્ધા, કવિતા સ્પર્ધા જેવી સ્પર્ધાનું આયોજન કરાયુ હતું જેમાં અલગ અલગ શાળાના વિદ્યાર્થીઓએ ઓનલાઈન માધ્યમ દ્વારાભાગ લીધો હતો અને ઈનામ સ્વરૂપે પ્રથમ વિજેતા ને ૧૦૦૦/- દ્વિતિય વિજેતાને ૬૦૦/- અને તૃતીય વિજેતાને ૩૦૦/- રૂપિયા સાથે પ્રમાણ પત્ર આપીને સન્માનિત કરાયા હતા.

# પ્રા. ડૉ. વર્ષાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ પીએચ.ડી થયા



ગાંધીનગર, તા. ૧૦
એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી, સંચાલિત મણીબેન એમ પી શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીના ગુજરાતી વિભાગ માં ફરજ બજાવતા એસોસિયેટ પ્રોફેસર પ્રા ડો. વર્ષાબેન ચંદુલાલ બ્રહ્મભટ્ટ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદથી પ્રા ડો. અજયભાઈ રાવળ (ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ)ના માર્ગદર્શન હેઠળ “ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં શોષણનું નિરૂપણ” (પસંદગીની ટૂંકી વાર્તાઓ સંદર્ભે વિષય પર મહાશોધનિબંધ રજુ કરીને પી એચ ડી ની પદવી પ્રાપ્ત કરેલ છે. તેમણે મેળવેલ સિદ્ધિ બદ્ધ એમ પી શાહ એજ્યુકેશન સોસાયટી તથા મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટસ કોલેજ અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના વનવાસી વિસ્તારમાં વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે ૯ ગામોમાં ૧૨૨ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા, ખીચડી મિક્સ, માસ્ક, પેરાસીટામોલ, ધાબળા, ગરમ પાણીની બેગ, ચાલવા માટે લાકડી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં મિલિન્દભાઈ શ્રુતિબેન, રક્ષા ગોહિલ તથા દેવ ભાઈ સાથસહકાર આપ્યો હતો.